મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૦-૦૨-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૧૯
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## સ્ટાર પ્રચારકો વગર ભાજપની બીજી કેડરે જીત નિશ્ચિત કરી

# સ્થાનિક ચૂંટણી : ભાજપનો સ્ટ્રાઈક રેટ ૯૮%; કોંગ્રેસને 'હાર' માળા

### ત્રિશંકુ રહેલી ચાર પણ ઓપરેશન લોટસથી કેસરીયા બની જશે : કોંગ્રેસને 'આપ' સાથે રહેવામાં એક નગરપાલિકાનું આશ્વાસન ઈનામ મળ્યું

### જુનાગઢ મહાપાલિકામાં ભાજપની જીતની હેટ્રીક પણ કોંગ્રેસ ૧માંથી ૧૧ થઈ તે સૂચક : મતદારોની 'ઉદાસીનતા' હવે ચુંટણીમાં દેખાય છે

### સૌરાષ્ટ્રમાં ભાજપે ત્રણ નગરપાલિકા ગુમાવી : કુતિયાણા - રાણાવાવમાં ભાજપ તેની 'આગવી સ્ટાઈલ'થી લડી નહી તેની ચર્ચા : સલાયામાં ડિમોલીશન નડી ગયું

### અમરેલીમાં લેટરકાંડની અસર દેખાઈ નથી : જેતપુરમાં મેન્ડેટ કાંડ બાદ જીત હવે પદાધિકારીઓની નિયુક્તિ પર નજર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ગુજરાતમાં મહાપાલિકા અને નગરપાલીકા સહિતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની યોજાયેલી ચુંટણીમાં પરિણામો અપેક્ષિત લાઈન પર જ આવ્યા છે અને ભાજપે અગાઉ કરતા પણ વધુ નગરપાલિકા પર શાસન નિશ્ચિત કરીને કોંગ્રેસ પક્ષે તેના જયાં થોડો ઘણો 'બેઝ' બચ્યો હતો ત્યાંથી પણ પીછેહઠ કરવાની ફરજ પાડી છે.

જૂનાગઢ મહાપાલિકાની ચૂંટણીમાં ભાજપ સતાની હેટ્રીકમાં સફળ રહ્યું છે પણ ૨૦૧૯માં જૂનાગઢ મહાપાલિકાની યોજાયેલી ચુંટણીમાં ભાજપને ૫૫ બેઠકો મળી હતી અને ૪ બેઠકો એનસીપીને તથા કોંગ્રેસને ફકત એક જ બેઠક મળી હતી.

આમ કોંગ્રેસ પક્ષને હવે ૧૧ બેઠકો મળી છે. ભાજપને ૪૮ બેઠકો (જેમાં આઠ અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ હતી) અને એક બેઠક અપક્ષ જે વોર્ડ નં.૯માં જાયન્ટ કિલર બન્યા છે અને એક બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા અને છ થી વધુ વખત ડે.મેયર રહી ચૂકેલા પાવરફુલ ગણાતા કોટેચા કુટુંબના પાર્થ કોટેચાને પરાજય મળ્યો તે પણ સૂચક છે પરંતુ એકંદરે જૂનાગઢમાં ભાજપનો સ્કોર ૨૦૧૯ જેવો રહ્યો નથી.

કોંગ્રેસ પક્ષ જે એક વખત આ મહાપાલિકામાં સતા કબજે કરી હતી તેણે રાજયમાં અન્યત્ર જે રીતે કોંગ્રેસનું પ્રદર્શન છે તેના કરતા જૂનાગઢ મહાપાલિકામાં સારો દેખાવ કર્યો છે તે સ્વીકારવું પડે હવે તેનો કેટલો લાભ કોંગ્રેસ ઉઠાવી શકે છે તે પ્રશ્ન છે.

જૂનાગઢમાં ઓછું મતદાન પણ તેમાં એક કારણ હોઈ શકે. આ ચૂંટણીમાં ભાજપનો સ્ટ્રાઈક રેટ ૯૮% રહ્યો તેવું પક્ષના પ્રમુખ શ્રી સી.આર.પાટીલે કહ્યું. આમ મીની વિધાનસભા કરતા આ મીની વિધાનસભામાં ભાજપનો વિજય મોટો ચોકકસ ગણી શકાય. કુલ ૬૮ માંથી ૫૯ નગરપાલીકામાં ભાજપનું સ્પષ્ટ-બહુમતી સાથેનું શાસન છે જે અનિર્ણય રહી છે ત્યાં ભાજપનું ઓપરેશન લોટસ કામ કરી જશે તેવો સંકેત ગઈકાલે જ પક્ષના પ્રમુખ સી.આર.પાટીલે આડકતરી રીતે આપી દીધો છે પણ જે ત્રણ નગરપાલીકા ભાજપે ગુમાવી તેમાં પોરબંદર પંથકની બે કુતિયાણા-રાણાવાવ એ આ જીલ્લામાં રાજકારણમાં ચર્ચા જગાવી છે.





અહી ૩૦ વર્ષથી ભાજપનું શાસન હતું પણ કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજા જેઓ ગુજરાતમાં સમાજવાદી પક્ષનો ઝંડો ફરકાવી રાખે છે. તેઓના ફેમીલીએ આ બન્ને નગરપાલીકા કબ્જે કરી અને ઢેલીબેન ઓડેદરા જે અજેય મનાતા હતા તેની પાસેથી સતા આંચકી તે પણ રસપ્રદ બાબત છે.

અહી સાંસદ- મનસુખ માંડવીયા અને ભાજપમાં જોડાઈને ફરી ધારાસભ્ય બનેલા અર્જુન મોઢવાડીયાને જવાબદારી સોંપાઈ હતી પણ મહત્વનું એ છે તેમાં ભાજપ સ્ટાઈલનો પ્રચાર જોવા મળ્યો ન હતો.

ખાસ કરીને ભાજપ જયાં વિરાધી મજબૂત હોય ત્યાં ટાર્ગેટ કરે છે પણ કુતિયાણા-રાણાવાવમાં તે જોવા મળ્યુ નહી. ૩૦ વર્ષથી ઢેલીબેનનો જે દબદબો હતો પણ છેલ્લે વિધાનસભા ચૂંટણીમાં તેમાં કાંધલ જાડેજા સામે હાર્યા પછી પણ ભાજપ પાસે વિકલ્પ ન હતો કે વિકલ્પ બનાવવા માંગતો ન હતો તે પ્રશ્ન છે તો કાંધલ જાડેજા જે અહી ધારાસભ્ય છે તેઓએ બન્ને નગરપાલિકાના મતદારો સાથે 'પર્સનલ ટચ' બનાવ્યો.

અહી ખેડુતોને સિંચાઈ સહિતના પાણીની સમસ્યા હતી તેમાં ખુદના ખર્ચ વ્યવસ્થા કરી આપી અને વિકાસની 'પોલ' ખોલી ને વિજય મેળવ્યો છે તેમ કહી શકાય તો બીજી ચર્ચા એ છે કે ભાજપના જ એક જૂથે અહી ઢેલીબેનનો પરાજય નિશ્ચિત કર્યો. જો કે બહુમતી બહું મોટી નથી છતા તે ભવિષ્યમાં નવા સમીકરણો સર્જી શકે.

પોરબંદર પંથકમાં ભારતે 'ઉછીના' સાંસદ (જીલ્લા બહારના) કે ધારાસભ્યમાં પણ હવે મોઢવાડીયાને લેવા પડયા તેથી ભવિષ્યમાં તેની અસર દેખાશે. એક સમયના આ પંથકના વજનદાર નેતાની ભૂમિકાની પણ ચર્ચા છે.

આ ઉપરાંત સલાયામાં ભાજપને ડિમોલીશન નડી ગયું પણ મહત્વનું એ છે કે અહી પક્ષને એક પણ બેઠક ન મળી. આમ આદમી પાર્ટીને અહી કોંગ્રેસ સાથેનું ગઠબંધન ફળ્યું તે પણ ચર્ચા છે. અમરેલીમાં લેટરકાંડની અસર જરાપણ દેખાયી નહી અને તમામ નગરપાલિકા જીતી તે દર્શાવે છે કે ભાજપે ચુંટણી પુરતુ ડેમેજ કંટ્રોલ કરી લીધુ છે.

હવે સંગઠનમાં તે કેટલું કરે છે તેના પર નજર છે તો જેતપુરમાં જે મેન્ડેટ વિવાદ હતો અને ભાજપના જ બે નેતાઓ વચ્ચેનો વિખવાદ પણ હતો તેમાં જેતપુરની જીત રાદડીયાની ગણવી કે ભાજપ તે ભવિષ્યમાં નિશ્ચિત થયે ખાસ કરીને નવી બોડી બનાવવામાં કોનો હાથ ઉપર રહે છે તે જોવુ રસપ્રદ બની જશે.

આ પ્રકારની સ્થાનિક ચુંટણીઓમાં અપક્ષોની બોલબાલા હોય છે અને તે ફરી જોવા મળી. ૧૫૧ અપક્ષો જીત્યા છે તે ભવિષ્યમાં સતાની સાથે હશે તેવા સંકેત છે. ગુજરાતમાં 'આપ' તેની અસર બનાવી રહી છે. આપને ૨૭ બેઠકો મળી તેમાં સલાયામાં જ સૌથી વધુ સફળતા મળી તે પણ કેટલો સમય રહેશે તે પ્રશ્ન છે.

---

### શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોર્ડ પરીક્ષાની પૂર્વ આયોજન અંગે વિડીયો કોન્ફરન્સ યોજાઈ

# મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ વ્યવસ્થિત પરિવહન વ્યવસ્થા કરવા સૂચના

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ અધ્યક્ષતામાં અને કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજાએલી બોર્ડની પરીક્ષાની પૂર્વ આયોજનની વિડીયો કોન્ફરન્સમાં આજરોજ કલેકટર કચેરી ખાતે સંબંધિત અધિકારીશ્રીઓ સહભાગી બન્યા હતા.

આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. બોર્ડની જાહેર પરીક્ષાઓ ૨૭/૦૨/૨૦૨૫ થી ૧૭/૦૪/૨૦૨૫ દરમિયાન યોજાશે. પરીક્ષાની તૈયારી અંગે સમીક્ષા માટેની વિડીયો કોન્ફરન્સ સ્થાનિક સબંધિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપવાના ભાગરૂપે શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતા અને રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા શિક્ષણ વિભાગના અગ્રસચિવ મુકેશકુમારની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

જેમાં સમગ્ર રાજયમાં મુક્ત,ન્યાયી અને તણાવ મુક્ત વાતાવરણમાં બોર્ડની પરીક્ષા યોજાઇ તે માટે શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે માર્ગદર્શન આપ્યુ હતુ. શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈએ વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ વ્યવસ્થિત પરિવહન વ્યવસ્થા કરવા અને સાવચેતી રાખવા પર ભાર મુકયો હતો. તેમજ વિદ્યાર્થી હેલ્પલાઈનથી



સૌને માહિતગાર કરવા સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ પાછળ હેલ્પલાઈન નંબર છે તેનાથી સૌને માહિતગાર કરવામાં આવે .વિદ્યાર્થીઓ નિર્ભય બની પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થાથી કામગીરી કરીએ.

રાજ્ય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ પરીક્ષા સમીક્ષા બાદ જણાવ્યું હતું કે, પરીક્ષાર્થીઓતણાવ મુકત વાતાવરણમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે સંકલનથી સહયોગ કરીએ.

આ વિડીયો કોન્ફરન્સમાં પરીક્ષા સંબંધે થયેલ તૈયારીની રૂપરેખા,કેન્દ્રોની સંખ્યા,બ્લોક વ્યવસ્થા,તમામ પરીક્ષા સ્થળો ઉપર યોગ્ય સીસીટીવી વ્યવસ્થા અંગેની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જીલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ, સતત વીજપુરવઠો શરૂ રહે તે માટેનું આયોજન, પોલીસ ગાર્ડ, ઝોનલ કચેરી/સ્ટ્રોંગરૂમ ઉપર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા, પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થી અથવા પરીક્ષામાં રોકાયેલ અધિકારી/કર્મચારીને પરીક્ષાર્થીઓ માટે જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કીટ વ્યવસ્થા કરવા,ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે બસ વાહનવ્યવહારની સગવડ કરવા વગેરે બાબતે સમીક્ષા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે મહેસાણા જીલ્લામાં પાંચ ઝોનમાં સી.સી.ટીવી કેમેરાની નજરે ધો. ૧૦ની પરીક્ષા કુલ ૪૨ કેન્દ્રોના ૨૭૮૨૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો. ૧૨ માં સામાન્ય પ્રવાહમાં કુલ ૨૧ કેન્દ્રોમાં ૧૩૯૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધો.૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૦૯ કેન્દ્રોમાં ૩૫૮૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આ વિડિઓ કોન્ફરન્સમાં જિલ્લા કલેકટરશ્રી સાથે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી બીપીનભાઈ પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડૉ.શરદભાઈ ત્રિવેદી,શિક્ષણ નિરીક્ષકશ્રીઓ સહિત સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### પરમિશન વિના ચાલી રહેલ શાળા અંગે કમિશ્નર તથા જિલ્લા કલેકટરને રજૂઆત

# મહેસાણાના રાધનપુર રોડ વિસ્તારમાં એક મકાનમાં ૧૦૦ થી વધુ બાળકોથી ચાલતી કિડ્સ શાળાના ઘોંઘાટથી લોકો પરેશાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

રાધનપુર રોડ વિસ્તારમાં મહેસાણા નગર સોસાયટીમાં ૯ નંબર ના માત્ર એક મકાનમાં ૧૦૦ થી વધુ બાળકોની કિડ્સ કિંગડમ શાળા રહેણા વિસ્તારમાં કોઈપણ પ્રકારની પરમિશન વિના ચાલી રહેલ છે જેથી આસપાસના રહેણાક વિસ્તારના રહીશો ને હાલાકી ભોગવી પડે છે જેથી તેઓએ કલેકટરશ્રીને અને મહાનગરપાલિકા કમિશનર સાહેબને રજૂઆત કરી.

કિડ્સ કિંગડમ શાળાથી રહીશો હેરાન, રહેણાક વિસ્તારમાં ૧૦૦ થી વધારે બાળકો ધરાવતી આ સ્કૂલથી રહીશો એ ટ્રાફિક, ગંદકી, અને ઘોંઘાટનો સામનો કરવો પડી રહેલ છે, શાળાથી ખૂબ જ ગંદકી ફેલાવા માં આવે છે અને ખૂબ જ ઊંચા અવાજથી એક્ટિવિટી કરતા હોવાથી ખૂબ જ ઘોંઘાટ થાય છે, જેથી રહીશોએ ખૂબ જ તકલીફ પડી રહેલ છે.





કિડ્સ કિંગડમ શાળા નું આ મકાન જૂનું અને જર્જરી હાલતમાં પણ છે તે સાથે તેમાં કોઈ પાર્કિંગ ની વ્યવસ્થા નથી કે માર્જિન જગ્યા પણ છોડેલ નથી. તેમાં ફાયર સેફટી કે ઈમર્જન્સી એક્ઝિટ નથી જેવી સુવિધા પણ નથી જેથી બાળકો માટે પણ જોખમી છે. બિલ્ડીંગની સ્ટ્રેન્થ નું પણ કોઈ સર્ટીફીકેટ નથી. જોવાની વાત છે કે આ રીતે રહેણાંક વિસ્તારમાં આ ગેરકાયદેસર રીતે આ શાળા કોની દયા દ્રષ્ટિથી ચાલી રહી છે?

---

### લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ

# મહેસાણા પેરોલ ફ્લોએ ફરાર આરોપીને બલોલથી દબોચી લીધો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા જિલ્લા પોલીસે પેરોલ-ફર્લો સ્કોડની કામગીરી દરમિયાન એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે.

પોલીસે પ્રોહિબિશનના કેસમાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરી છે.

એલસીબી મહેસાણાના પોલીસ ઈન્સપેક્ટર જે.પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના ઈન્ચાર્જ પીએસઆઈ એન.પી.



પરમારની સૂચના મુજબ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્કોડના એએસઆઈ નરેન્દ્રસિંહ અને એચસી રમેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે બલોલ બસ સ્ટેશન પાસેથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા આરોપીની ઓળખ જયસ્વાલ (કલાલ) હાર્દિકકુમાર મહેન્દ્રભાઈ (ઉંમર ૨૮) તરીકે થઈ છે. તે બલોલના ઠાકોરવાસનો રહેવાસી છે અને મજૂરી કામ કરે છે.

પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપીને વધુ કાર્યવાહી માટે સાંથલ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો છે.

---

# મહેસાણા એ ડિવીઝન પોલીસે સોમનાથ રોડ વિસ્તારમાંથી ૭૬૯ ગ્રામ પ્રતિબંધિત ગાંજા સહિત વૃદ્ધને પકડી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરના સોમનાથ રોડ પર આવેલા ભીલવાસમાં પોલીસે દરોડો પાડી પ્રતિબંધિત ગાંજાનું વેચાણ કરતા એક વૃદ્ધને પકડી પાડ્યો છે. આરોપી છગનજી તોલાજી રાણા (ઉ.વ.૭૧) પોતાના મકાનમાંથી ગેરકાયદેસર રીતે ગાંજાનું વેચાણ કરતો હતો.

મહેસાણા એ ડિવિઝન પોલીસને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આરોપીના મકાનમાં દરોડો





પાડતા ત્યાંથી વગર પરમીટનો ૭૬૯ ગ્રામ પ્રતિબંધિત ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી ગાંજો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૯,૬૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેર અને જિલ્લામાં નાર્કોટિક્સ ડ્રગ્સની હેરાફેરી અને વેચાણ કરતા તત્વો સામે પોલીસની કાર્યવાહી ચાલુ છે.




# ડિજિટલ ટેકનિકમાં વિદેશો પર આધાર

થોડા વખત પહેલાં દુનિયાનાં શેરબજારોમાં ભારે ઘટાડાની પાછળ એક ચીની સ્ટાર્ટઅપ દ્વારા બેહદ ઓછા ભાવે વિકસિત કરવામાં આવેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ ડીપસીક રહી હતી. ડીપસીકના આગમનથી દિગ્ગજ અમેરિકી ટેક કંપનીઓના બજાર મૂડીકરણમાં એક ટ્રિલિયન (લાખ કરોડ) ડોલર સુધીનું ધોવાણ થયું. આ બધું ત્યારે થયું જ્યારે અમેરિકાએ ચીનને અત્યાધુનિક કમ્પ્યૂટર ચિપ અને એઆઈ ક્ષેત્રમાં પ્રતિદ્વંદ્વી દેશ જાહેર કરીને તેના પર અનેક પ્રતિબંધો લગાવી રાખ્યા છે, જેથી તે આ ક્ષેત્રની ટેકનિક કાં તો વિકસિત ન કરી શકે અને જો કરે તો પણ અમેરિકી કંપનીાે કરતાં ક્યાંય પાછળ જ રહે. તેમ છતાં ડીપસીક કેટલીય કસોટીઓ પર મુખ્ય અમેરિકી એઆઈ એપ ચેટજીપીટી જેટલું જ સક્ષમ જોવા મળ્યું.

ડીપસીક બનાવનારી કંપનીનો દાવો છે કે તેણે આ મોડલ અમેરિકી કંપનીઓના મુકાબલે ૧૦ ગણું ઓછા ખર્ચે વિકસિત કર્યું છે. જ્યાં અગ્રણી અમેરિકી એઆઇ કંપનીઓ પોતાના ચેટબોટને ૧૬૦૦૦ જીપીયુથી યુક્ત સુપર કમ્પ્યુટરો પર પ્રશિક્ષિત કરે છે, જ્યારે ડીપસીકે માત્ર ૨૦૦૦ જીપીયુ ક્ષમતાના ઉપયોગથી જ સક્ષમ એઆઈ ટૂલ તૈયાર કર દીધું. ચીને પ્રતિબંધો છતાં પોતાના ખુદના જોરે પ્રથમ પંક્તિની ટેકનિક વિકસિત કરવાની ક્ષમતા દર્શાવી. ડીપસીકની ટીકા એટલા માટે થઈ રહી છે કે તે ચીન માટે રાજકીય રૂપે સંવેદનશીલ મુદા સાથે જોડાયેલા પ્રશ્નોનો જવાબ નથી આપતું, પરંતુ તેની ટેકનિકલ ક્ષમતાઓ અને ઓછા ખર્ચવાળા મોડલ પર કોઈ સવાલ નથી ઉઠતો. ખુદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટનાક્રમને અમેરિકા માટે જગાડનારી ઘંટડી ગણાવી છે.

અમેરિકાના સરકારી એઆઈ પ્રોજેક્ટ સ્ટારગેટ પર કામ કરી રહેલ કંપનીઓ જેવી કે માઈક્રોસોફ્ટ અને ઓપનએઆઈના અધિકારીઓએ ડીપસીકની ક્ષમતાઓને ઘણી પ્રભાવી માની છે. એ સમજવું જરૂરી છે કે ડીપસીક જેવા ટૂલ રાજકીય પ્રશ્નોનો જવાબ શોધવા માટે નથી, પરંતુ જટિલ ટેકનિકલ કાર્યો માટે છે, જેમાં ડીપસીક મોડલ ઘણું સસ્તું અને પ્રભાવી છે. એવામાં ખર્ચ ઘટાડવા અને લાભ વધારવા માટે કંપનીઓ તેના ઉપયોગને પ્રાથમિકતા આપશે. જોકે અમેરિકી સરકાર પોતાની ટેક કંપનીઓના દબાણમાં ડીપસીક પર પ્રતિબંધ લગાવી રહી છે. અમેરિકી સરકારનું કહેવું છે કે ડીપસીક અમેરિકી યુઝર્સનો ડેટા ચોરી શકે છે, પરંતુ એવા પ્રતિબંધોની સીમાઓ નથી. કારણ કે તમામ અમેરિકી કંપનીઓ પોતાના માલનું ઉત્પાદન ચીની કંપનીઓ પાસે ચીનમાં કરાવે છે. આ ચીની કંપનીઓ ડીપસીકનો ઉપયોગ કરવાની છે. એવામાં અમેરિકી કંપનીઓ પોતાના ચીની ઉત્પાદકોને જે પણ ડેટા, જેમાં ડિઝાઈન અને પેટન્ટ સાથે જોડાયેલી જાણકારીઓ પણ હોય છે, તે આપશે. આ ઘણી હદે ભારતના મામલે પણ સાચું છે, કારણ કે કેટલીય ભારતીય કંપનીઓ પણ ચીનમાં ઉત્પાદન કરાવે છે.

ઓપન એઆઇ કે ડીપસીક જેવું કંઈક બનાવવાથી આપણે તો માઈલો દૂર છીએ. આપણી આઈટી કંપનીઓ અમેરિકી કંપનીઓની બેકરૂમ ઓફિસ બનીને જ ખુશ છે. આપણી યુનિવર્સિટીઓ એવી પીએચડીની ડિગ્રીઓ વહેંચીને ખુશ છે, જેમાં કોઈ ઉલ્લેખનીય શોધ નથી હોતી. બ્રેઈન-ડ્રેઈન રોકવા માટે આપણે કોઈ પગલાં નથી ઉઠાવ્યાં. આપણા ઉદ્યોગપતિઓ પણ કોઈ ક્રાંતિકારી ટેકનિકના આવિષ્કાર માટે ધન ઉપલબ્ધ નથી કરાવતા. રહી વાત ભારતીયોના ડેટા ચોરી થવાની, તો તે તો અમેરિકા અને ચીન, બંને દેશોની કંપનીઓ કરી જ રહી છે. વિશ્વસ્તરીય એઆઇ ટૂલ્સ બનાવવાનું તો દૂર, હજુ આપણે સ્વદેશી ઈમેલ અને ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ સુદ્ઘાં નથી બનાવી શક્યા અને સંપૂર્ણ રીતે અમેરિકી કંપનીઓ પર નિર્ભર છીએ. એક્સ અને મેટાના અલ્ગોરિધમ આપણને એ જ દેખાડે છે, જે તેઓ દેખાડવા માગતા હોય. આપણી સમસ્યા એ છે કે આપણે એવું કશું કરવાનું બહુ મોડેથી વિચારીએ છીએ. જ્યાં સુધી કોઈ ઉપયોગી ટેક્નોલોજીનો વિકાસ કરીએ છએ, ત્યાં સુધી તે જૂની થઈ ચૂકી હોય છે. કંગાળ સંશોધનને કારણે આપણે ખુદ જ આપણા પર વિશ્વાસ નથી કરતા. એવામાં આપણે કોઈને કોઈ વિદેશી કાખઘોડી શોધવા માટે ટેવાઈ ગયા છીએ. તેનું તાજું ઉદાહરણ ભારત આવેલા અમેરિકી કંપની ઓપન એઆઈના વડા સેમ ઓલ્ટમેન દ્વારા એમ કહીને ભારતને રીઝવવાની કોશિશ છે કે ભારતમાં એઆઈ માટે બહુ જ સંભાવનાઓ છે. આ જ ઓલ્ટમેનને થોડા સમય સુધી ભારતના એઆઈ ટેક્નલોજી વિકસિત કરવાના પ્રયાસો પર શંકા હતી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

### પ્રિ - સ્કૂલ રજિસ્ટ્રેશનની મુદ્દત હજૂ નહીં લંબાવાતા સંચાલકોની હાલત કફોડી

# શિક્ષણ વિભાગ દ્વારા અપાયેલી મૌખીક બાંહેધરીનું પણ પાલન થયુ નથી : પગલા લેવા માંગણી ઉઠી

અમદાવાદ,તા.૧૯

પ્રિ-સ્કૂલ રજિસ્ટ્રેશનને લઈને શિક્ષણ વિભાગનું નરોવા કુંજરોવાનું વલણ સંચાલકોને અકળાવી રહ્યું છે.૧૬ ફેબ્રુઆરીના રોજ રજિસ્ટ્રેશનની મુદત પૂર્ણ થયા બાદ હજુ સુધી મુદત લંબાવવા અંગે કોઈ નિર્ણય કરાયો નથી.ઉપરાંત સંચાલકોને આપેલી બાંહેધરી અનુસાર કોઈ જ રાહતો હજુ સુધી અપાઈ નથી.બીજી બાજુ રાજયની માત્ર ૪૦૦ જેટલી જ પ્રિ-સ્કૂલોનું રજિસ્ટ્રેશન થયું છે ત્યારે મુદત પૂર્ણ થવા પછી પણ રજિસ્ટ્રેશનનું પોર્ટલ ચાલુ રાખવામાં આવ્યું છે.આમ, આ તમામ બાબતો પ્રિ-સ્કૂલ સંચાલકોમાં વધુ મુંઝવણ ઉભી કરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયમાં આવેલી પ્રિ-સ્કૂલોના રજિસ્ટ્રેશનની મુદત ૧૬ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થયા બાદ હજુ સુધી મુદત લંબાવવા અંગે કોઈ નિર્ણય કરાયો નથી જો કે, બીજી બાજુ શિક્ષણ વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન માટેના પોર્ટલને ચાલુ રાખ્યું છે.મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં રાજયની ૪૦૦ જેટલી પ્રિ-સ્કૂલોની નોંધણી થઈ હતી. અને બાકીની પ્રિ-સ્કૂલોની નોંધણી બાકી હતી.દરમિયાન, મુદત વધારા સહિતના વિવિધ પ્રશ્નોને લઈને મંગળવારના રોજ ફરી એકવાર પ્રિ-સ્કૂલો એસો.ના ૩૫ પ્રતિનિધિઓની ટીમ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીને મળવા માટે પહોંચી હતી.

જો કે ગઈકાલે મંગળવારના રોજ મતગણતરી હોવાથી મંત્રી સાથે મુલાકાત થઈ શકી ન હતી અને હવે આગામી દિવસથી વિધાનસભાનું સત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી પણ મુલાકાત શકય ન જણાતા મંત્રીઓના સહાયકો સાથે મુલાકાત કરી રજૂઆત કરી હતી.

જેથી આ વિષય હજી સરકારમાં ચર્ચામાં છે અને ઉપલા લેવલે ચર્ચા ચાલી રહી હોવાનું જણાવી પોતાનો હાથ અદ્ધર કરી દીધા હતા.અધિકારીઓ દ્વારા પણ ફાઈલ નીકળી ગઈ છે, પ્રક્રિયામાં છે તેમ કહી ગોળગોળ જવાબો આપ્યા હોવાનું એસો.દ્વારા જણાવાયું હતું.

એસો.સાથે શિક્ષણ વિભાગની ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મળેલી મિટીંગમાં મૌખિક બાંહેધરી આપવામાં આવ્યા બાદ હજુ સુધી તે અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી ન હોવાથી સંચાલકોની સ્થિતિ કફોડી બની છે.રાજયની હજારો પ્રિ-સ્કૂલોનું રજિસ્ટ્રેશન થયું ન હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે અંધકાર ઉભું થવાની શકયતા છે.

ઉપરાંત પ્રિ-સ્કૂલોનું સંચાલક કરતી અનેક મહિલાઓ પ્રિ-સ્કૂલો બંધ થશે તો રસ્તા પર આવી જશે,આમ આ મુદ્દે સરકારે વહેલી તકે યોગ્ય જવાબ આપી નિકાલ લાવવો જોઈએ તેવી માંગણી પ્રિ-સ્કૂલ સંચાલકો દ્વારા કરવામાં આવી છે.

### ભાજપમાં મંત્રીપદ મેળવવા માટે મોઢવાડિયાના ચપ્પલ ઘસાઈ જશે

# કોંગ્રેસપક્ષમાંથી ભાજપામાં આવેલા અર્જુન મોઢવાડિયા મંત્રીપદ મેળવવા માટે રીતસરના હવાતિયા મારી રહ્યા છે

ગાંધીનગર,તા.૧૯

અન્ય પક્ષમાંથી ભાજપમાં આવતા નેતાઓને આવવા માટે પક્ષ દ્વારા કોઈને કોઈ લાલચ આપવામાં આવતી હોય છે. આ લાલચથી નેતાઓ પક્ષપલટો કરવા તૈયાર થાય છે. પરંતું ક્યારેક પક્ષપલટો કરનારના મનની મુરાદ પૂરી થતી નથી. ભાજપે આવાપક્ષપલટુઓને લાવીને સાઈડલાઈન કરી દીધા હોય તેવા અનેક નામ છે. તેમાં એક નામ છે મોઢવાડિયા. એવું લાગે છે કે, ભાજપમાં મંત્રીપદ મેળવવા માટે મોઢવાડિયાના ચપ્પલ ઘસાઈ જશે. કારણ કે, મંત્રીપદ મેળવવા માટે મોઢવાડિયા રીતસરના હવાતિયા મારી રહ્યા છે, પણ સામા પક્ષે ભાજપ પણ તેમની બાઈ બાઈ ચાળણી કરી રહ્યું છે.



ઘણા વર્ષો સુધી કોંગ્રેસમાં અનેક હોદ્દાઓ પર રહેલા ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડીયા લોકસભાની ચૂંટણી અગાઉ અચાનક પાર્ટી સાથે છેડો ફાડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા હતા. જે બાદ તેઓ ભાજપની ટિકિટ પર પોરબંદર બેઠક પરથી વિધાનસભાની પેટાચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. થોડા સમય પહેલા જ ગુજરાત સરકારના મંત્રીમંડળમાં ફેરબદલની ચર્ચા ઉઠી હતી. ત્યારે આ વચ્ચે અર્જુન મોઢવાડિયાએ દિલ્હીમાં અમિત શાહ અને સી.આર પાટીલ સાથે મુલાકાત કરતા અનેક તર્કવિતર્ક સર્જાયા હતા. પરંતું દિલ્હીમાં વાત ન બનતા હવે મોઢવાડિયાએ નવા પ્રયાસો શરૂ કર્યા છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હીના આંટાફેરા કરવામાં કામ ન બનતા હવે મંત્રીપદના અભરખા લઈને મોઢવાડિયા એક કોર્પોરેટ ગૃહના શરણે પહોંચ્યા છે. મોઢવાડિયાએ રાજકીય સંબંધો થકી લોબિંગ શરૂ કર્યું છે. આ માટે તેમણે વાયા કોર્પોરેટ રુટ અપનાવ્યો છે. તેમણે અદાણી રૂટ માફરત મંત્રીપદ મેળવવા હવાતિયા શરૂ કર્યા છે. તેનો પુરાવો પણ સામે આવ્યો છે.

હાલમાં જ મોઢવાડિયાએ જાહેરમાં ગૌતમ અદાણીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે,ગૌતમભાઈએ પુત્રના લગ્નમાં ખોટો ખર્ચ કર્યો નથી, ઉપરથી તેમણે તો સખાવત કરી છે. આમ, જાહેરમાં મોઢવાડિયાએ ગૌતમ અદાણીના મોંફાટ વખાણ કર્યા છે. મોઢવાડિયાના આ માસ્ટરસ્ટ્રોક પર રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે, તેઓ સત્તા પામવા માટે હવે વાયા કોર્પોરેટ રુટ અપનાવી રહ્યાં છે. તેથી તેમણે અદાણીના ગુનગાન ગાવાનું શરૂ કર્યું છે.

### તા.૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી દેશભરમાં ઝુંબેશ

# બીપી, ડાયાબિટીસ, કેન્સર જેવી બિમારીની નિઃશુલ્ક તપાસ થશે : આરોગ્ય મંત્રાલયનું મહા અભિયાન

નવીદિલ્હી,તા.૧૯

કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીઓના દર્દીઓની ફીમાં તપાસ કરવા માટે મહા આયોજન કર્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે આ માટે દેશભરમાં રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે.

દેશભરમાં ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી અભિયાન ચલાવવામાં આવશે. મંત્રાલયે ૩૦ વર્ષથી વધુ ઉંમરના યુવાઓને નજીકના આરોગ્ય સુવિધા કેન્દ્રમાં તપાસ કરાવવા માટે આહવાહન કર્યું છે.

મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટમાં કહ્યું છે કે, 'તમારા આરોગ્યની કાળજી લો. ૨૦ ફેબ્રુઆરીથી ૩૧ માર્ચ સુધી બિન-ચેપી રોગો (NCDs)ની તપાસ માટે રાષ્ટ્રવ્યાપી તપાસ અભિયાનમાં જોડાઓ અને તમારી નજીકની સરકારી આરોગ્ય સુવિધા પર મફતમાં ટેસ્ટ કરાવો. તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્તન અને સર્વાઇકલ કેન્સરની તપાસ કરવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરશે.'

મંત્રાલયે પોસ્ટની સાથે એક



ઈન્ફોગ્રાફિકમાં ડાયાબિટીસના લક્ષણોનો ઉલ્લેખ કર્યો છે, જેને ક્યારે નંજરઅંદાજ ન કરવા જોઈએ. તેમાં અસ્પષ્ટ દ્રષ્ટિ, ભૂખમાં વધારો, ઘાના રૂઝ થવામાં વિલંબ, થાક, સતત તરસ લાગવી, અચાનક વજન ઘટવું અને વારંવાર પેશાબ થવો જેવા લક્ષણો સામેલ છે. મંત્રાલયે કહ્યું છે કે, આ લક્ષણોને ક્યારેય અવગણવા ન જોઈએ.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુટ્રિશન (ICMR-NIN)ના ડેટા મુજબ, દેશમાં કુલ મૃત્યુદરમાં ૬૬ ટકા લોકોના મોત બિન-સંચારી રોગોના કારણે થયા છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ માટે હ્રદય સંબંધીત બિમારી, ડાયાબિટીસ, શ્વસન રોગો અને કેન્સર સહિતની બિમારીઓ પડકાર બની ગયો છે.

## કોંગ્રેસના ધારાસભ્યો હાથકડી-બેનર સાથે વિધાનસભા પહોંચ્યા : અમેરિકાથી ડિપોર્ટ સાથે વ્યવહારનો વિરોધ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

આજથી શરૂ થયેલા ગુજરાતના બજેટ સત્રમાં વિપક્ષ કોંગ્રેસે હાલમાં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયોને જે રીતે હાથકડી તથા પગમાં બેડી પહેરાવીને મોકલાયા હતા તે મુદ્દે આક્રમક રીતે રજુઆત કરવા માટે ગૃહમાં હાથમાં હાથકડી પહેરીને વિરોધ પ્રદર્શન કરતા પહોંચ્યા હતા.

અમેરિકાથી ડિપોર્ટીના હાથકડી-બેડી સાથેના વિડીયો ફોટા



ખુદ અમેરિકી ઈમીગ્રેશન વિભાગે વાયરલ કર્યા છે અને આ રીતે ભારતીયોનું અપમાન કર્યુ છે તેવુ જણાવીને કોંગ્રેસના ધારાસભ્યો પણ પક્ષના નેતા અમીત ચાવડાની આગેવાનીમાં હાથકડી પહેરીને બેનર સાથે વિધાનસભા સંકુલમાં દેખાવો કર્યા હતા.

ભારતીયો સાથે જે પ્રકારે વ્યવહાર થયો છે તેનાથી દેશભરમાં આક્રોશ સર્જાયો છે. જો કે સરકારે એમ કહીને 'બચાવ' કર્યા કે તે અમેરિકી કાનૂન મુજબ જ હાથકડી બેડી પહેરાવાઈ છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

**વૃષભઃ** ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

**મિથુનઃ** આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે.

**કર્કઃ** આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. તમારું મન શાંત અને ખુશ રહેશે.

**સિંહઃ** જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

**કન્યાઃ** આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો.

**તુલાઃ** આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

**વૃશ્ચિકઃ** આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

**ધનઃ** આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે.

**મકરઃ** આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

**કુંભઃ** આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે જે સાંજે મુશ્કેલીનું કારણ બની શકે છે. તમારા ગુરુ પ્રત્યેની ભક્તિ અને નિષ્ઠાને પૂર્ણ રાખો.

**મીનઃ** આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

## ફિલ્મી ગપશપ

### મહાકુંભની વાયરલ ગર્લ મોનાલીસા જાળમાં ફસાઈ?

### ફિલ્મના ડાયરેકટર મિશ્રા મામલે ચોંકાવનારા ખુલાસા

# મિશ્રા સાથે ફિલ્મ બનાવી ચુકેલા પ્રોડયુસર વસીમ રિઝવી કહે છે તેની પાસે કોઈ ફાયનાન્સિયર નથી, કેવી રીતે ફિલ્મ બનાવશે



મુબઇ,તા.૧૮

'મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા ટ્રેપમાં ફસાઈ છે. મને અફસોસ થઈ રહ્યો છે કે, મોનાલિસા અને તેના ફેમિલી ઉપર, આ સાવ સાદા લોકો છે. અમે પણ કુંભમાંથી તેના વાયરલ ફોટા જોયા હતા, પરંતુ સનોજ મિશ્રા જેવા દિગ્દર્શક તેના ઘરે પહોંચ્યા અને તેણીને તેના વિશે કંઈ ખબર પણ નથી. અને તેણે તેની પુત્રીને તેને સોંપી દીધી.'... આવા ગંભીર આરોપ ફિલ્મ નિર્માતા જીતેન્દ્ર નારાયણ સિંહ ઉર્ફે વસીમ રિઝવીએ મોનાલિસાને લઈ જનારા દિગ્દર્શક સનોજ મિશ્રા પર એક ઈન્ટરવ્યુમાં લગાવ્યા છે.

ફિલ્મ પ્રોડ્યુસર વસીમ રિઝવીએ આરોપ લગાવ્યો કે, 'સનોજ મિશ્રા પાસે કોઈ ફાઈનાન્સર નથી. ના તો તેની પાસે પૈસા છે. તો કેવી રીતે ફિલ્મ બનાવશે. મણિપુર ડાયરી ક્યારેય નહીં બને, આ ફક્ત તે છોકરીની માસૂમિયતનો ફાયદો ઉઠાવીને તેની સાથે ચારેબાજુ ફરી રહ્યો છે. ફિલ્મ નિર્માતાએ દાવો કર્યો હતો કે અમે મોટું નુકસાન ઉઠાવ્યું છે. એવા ઘણાં નિર્માતાઓને વસીમે છેતર્યા છે. તે એક્સપોઝ થઈ ચૂક્યો છે.

વસીમ રિઝવીએ કહ્યું કે, જો મોનાલિસાના પરિવારને ડિરેક્ટર વિશે ખબર હોત, તો તેઓ ક્યારેય તેમની પુત્રીને તેમની સાથે ન મોકલત. ફિલ્મ બનાવવા માટે પૈસાની જરૂર પડે છે. હવે કોઈ સનોજ મિશ્રા પર પૈસા રોકવા તૈયાર નથી. જે ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે તેનું શૂટિંગ ક્યાં થઈ રહ્યું છે? તેનું કેટલું બજેટ છે? કોઈ ફાઈનાન્સર તેનામાં રોકાણ નહીં કરે.

જીતેન્દ્ર નારાયણ સિંહ ઉર્ફે વસીમ રિઝવી ફિલ્મ પ્રોડ્યુસર છે, જેણે મોનાલિસાને સાથે લઈ જનારા સનોજ મિશ્રા સાથે ૩ ફિલ્મો બંગાળ ડાયરીઝ, રામ કી જન્મભૂમિ અને કાશી ટુ કાશ્મીર બનાવી ચૂક્યા છે. હાલમાં તેમનો એક યુટ્યુબ ચેનલ પર ઈન્ટરવ્યુ માટે આવ્યો હતો.

જેમાં તેમણે દાવો કર્યો છે કે, સનોજ મિશ્રાની કોઈ પણ ફિલ્મ હજુ સુધી રિલીઝ થઈ નથી. તે અતિશય દારૂ પીવે છે. તે ફિલ્મના સેટ પર નશામાં પણ ચકચૂર થઈને આવતો અને મહિલા સ્ટાફ સાથે પણ ગેરવર્તન કર્યું. વસીમ રિઝવીએ આરોપ લગાવ્યો હતો કે, સનોજ મિશ્રાને દારૂ પીધા પછી છોકરીઓ જોઈએ છે.

# એસએમએફજી ઇન્ડિયા ક્રેડિટે પશુ વિકાસ દિવસ દરમિયાન વિવિધ સ્થળોએ સૌથી મોટા પશુ કલ્યાણ શિક્ષણનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ રચ્યો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૯

એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટે ભારતના ૯ સ્થળોએ ૫૧૭ સહભાગીઓ સાથે ×લાર્જેસ્ટ કેટલ વેલફેર લેસન (મલ્ટીપલ વેન્યુ)×નો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સર્જીને ઈતિહાસ રચ્યો છે. આ સિમાચિહ્ન કંપનીની પશુ વિકાસ દિવસ (પીવીડી)ની ૭મી આવૃત્તિના ભાગરૂપે પૂર્ણ કરવામાં આવ્યું હતું, જે દેશભરમાં સૌથી મોટી એક દિવસીય પશુ સંભાળ શિબિરો છે. આ શિબિરો એક સાથે ૧૬ રાજ્યોમાં ૫૦૦ સ્થળોએ યોજવામાં આવી હતી, જેનો આશરે ૧,૯૦,૦૦૦ લાભાર્થીઓ (૧,૫૦,૦૦૦ પશુઓ અને ૪૦,૦૦૦ પશુ માલિકો)એ લાભ લીધો હતો.

ભારતમાં, લગભગ ૬૫-૭૦% ગ્રામીણ વસ્તી તેમની આજીવિકા માટે કૃષિ અથવા કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ પર આધાર રાખે છે. તેથી, પશુઓ અને પશુધન તેમની આજીવિકા રળવાની પ્રવૃત્તિઓ અને નાણાકીય સુખાકારીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ અતૂટ બંધનને ધ્યાનમાં રાખીને એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટે ×મેરા પશુ મેરા પરિવાર× થીમ હેઠળ પશુ વિકાસ દિવસની ૭મી આવૃત્તિની ઉજવણી કરી હતી, જે આ ગ્રામીણ પરિવારોના જીવનમાં પશુધનના મહત્વને દર્શાવે છે.

વાર્ષિક પીવીડી (PVD) કાર્યક્રમમાં ૬,૦૦૦થી વધુ કર્મચારીઓની સક્રિય ભાગીદારી પણ જોવા મળી હતી, જેણે ગ્રામીણ કલ્યાણ માટે કંપનીની પ્રતિબદ્ધતાને બળવત્તર બનાવી હતી.

એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી શાંતનુ મિત્રાએ જણાવ્યું હતું કે, ×એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટમાં, અમે અર્થપૂર્ણ અસરોનું સર્જન કરતી સામાજિક પહેલોને પ્રોત્સાહન આપવાની અમારી પ્રતિબદ્ધતામાં અડગ રહીએ છીએ. સમગ્ર ભારતમાં ૧૦૦૦થી વધુ શાખાઓની મજબૂત હાજરી સાથે અમારું પ્રાથમિક ધ્યાન દ્વિતીય-૨ સ્થળો પર કેન્દ્રિત છે, જેમાં અમારી લગભગ ૯૦ ટકા શાખાઓ આ વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે સ્થિત છે. વાસ્તવમાં છેલ્લાં બે વર્ષમાં અમે આશરે ૩૦૦ શાખાઓનો ઉમેરો કર્યો છે, જે તમામ દ્વિતીય -૨ ભૌગોલિક ક્ષેત્રોમાં સ્થિત છે. અમારું ધ્યેય યોગ્ય ઉત્પાદનો અને નાણાકીય ઉકેલો પ્રદાન કરીને નાણાકીય સર્વસમાવેશકતાને આગળ ધપાવવાનું છે, જે અમને તેમના જીવનચક્રના દરેક તબક્કે સમુદાયોની સેવા કરવા સક્ષમ બનાવે છે.

હું આપણાં દરેક સમર્પિત કર્મચારીઓને વિવિધ સ્થળોએ સૌથી મોટા પશુ કલ્યાણ શિક્ષણના સફળ આયોજન બદલ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવવામાં તેમણે દાખવેલી ઉત્કૃષ્ટ પ્રતિબદ્ધતા અને સખત મહેનત માટે હાર્દિક અભિનંદન આપવા માંગું છું. એ જોઈને ખરેખર આનંદ થાય છે કે આ વર્ષે પશુ વિકાસ દિવસે પશુ સંભાળ અંગેની અપેક્ષાઓ કરતાં પણ બહેતર કામગીરી જોવાઈ હતી, જેમાં ભારતમાં વિવિધ સ્થળોએ વિશિષ્ટ જ્ઞાન સત્રો પણ રજૂ કરાયા હતાં જેને પરિણામે અમે ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવાની સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ.'

એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી સ્વામિનાથન સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, 'વિવિધ સ્થળોએ પશુ કલ્યાણના સૌથી મોટા પ્રશિક્ષણ વર્ગ યોજવા માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ તરફથી મળેલી માન્યતા એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટ સાથે સંકળાયેલાં પ્રત્યેક માટે ગર્વની અને નિર્ણાયક ક્ષણ છે.

એક કંપની તરીકે, અમે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈતિહાસનાં પુસ્તકોમાં અમારું નામ અંકિત કર્યું છે, અને તેનાથી નવીન અને સાતત્યપૂર્ણ સામાજિક-આર્થિક પહેલો દ્વારા આપણે જે સમુદાયોની ઉત્થાનની કામગીરી કરી રહ્યાં છીએ તે સતત આગળ વધારવાની પ્રેરણા અને બળ પુરું પાડે છે. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં વિશ્વ વિક્રમ સ્થાપિત કરવો એ ગ્રામીણ કલ્યાણ પ્રત્યેના આપણા સમર્પણની પુષ્ટિ પણ કરે છે અને સમુદાયોને અમારા નાણાકીય ઉકેલો દ્વારા તેમના જીવન-ચક્રમાં નાણાકીય સુલભતા પ્રદાન કરીને સશક્ત બનાવવાની કામગીરી ચાલુ રાખવા માટે અમને પ્રોત્સાહિત કરે છે.'

વિશ્વ વિક્રમો હાંસલ કરવાના પોતાના સમૃદ્ધ વારસાને ધ્યાનમાં રાખીને પશુ વિકાસ દિવસને આ અગાઉ એક જ દિવસમાં આયોજિત સૌથી મોટા કેટલ કેર કેમ્પનું આયોજન કરવા બદલ વર્લ્ડ રેકોર્ડ્સ યુનિયન, લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ, બેસ્ટ ઓફ ઈન્ડિયા રેકોર્ડ્સ અને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા માન્યતા આપવામાં આવી છે.

અત્યાર સુધી પ્રયાગરાજ માટે ૧૮૪ ટ્રીપ પૂર્ણઃ અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના ૪૩૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ મુસાફરી કરી

# રાજ્ય સરકારે પ્રયાગરાજના રૂટમાં આવતા રાજ્યોની પોલીસ સાથે યોગ્ય સંકલન સાધીને યાત્રાને સુગમ બનાવી

## GSRTCની સેવા કોર્પોરેટ જેવી પ્રિમિયમ અને દેખરેખ પરિવાર જેવીઃ મહાકુંભ યાત્રાથી પરત આવેલા મુસાફરો

ગાંધીનગર,તા.૧૯

સરકારી બસમાં અમને આવી સેવા મળશે તેવું વિચાર્યું ન હતું, કોર્પોરેટ કરતા પણ ચડિયાતી કામગીરી ×જીઈઝએ કરી છે , આ શબ્દો છે,અમદાવાદના ભાવિન વસાણીના જેઓ હાલમાં જ ×જીઈઝએ શરૂ કરેલા વિશેષ મહાકુંભ ટૂર પેકેજમાં પ્રયાગરાજની યાત્રા કરીને પરત આવ્યા છે. ગુજરાતના નાગરિકોની મહાકુંભની યાત્રાને સુગમ અને યાદગાર બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા ૨૭ જાન્યુઆરીએ ×જીઈઝની વિશેષ વોલ્વો સેવા શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટથી કુલ ૬ વોલ્વો અત્યારે યાત્રાળુઓને પ્રયાગરાજ સુધી



પહોંચાડે છે.

૧૭ ફેબ્રુઆરી સુધીમાં પ્રયાગરાજ પહોંચીને પરત ફરવાની કુલ ૧૮૪ ટ્રીપ પૂર્ણ કરવામાં આવી છે જેનો લાભ ૪૩૦૦ જેટલા શ્રદ્ધાળુઓએ મેળવ્યો છે. આ સેવાને જો રેટિંગ આપવું હોય તો પણ ઓછું પડે ,તેવું એક્સલન્ટ કામ ગુજરાત સરકારે આ પ્રીમિયમ બસ સેવાના માધ્યમથી મહાકુંભ પ્રવાસ થકી કર્યું છે.કોઈ કોર્પોરેટ કંપની સેવા આપતી હોય તેવી કામગીરી સરકાર દ્વારા થઈ છે તેમ પ્રયાગરાજ ની યાત્રા થી પરત ફરી રહેલા એક શ્રદ્ધાળુએ જણાવ્યું હતું. મહાત્મા ગાંધીની ભૂમિ પોરબંદરના યાત્રાળુ જીગ્નેશ વાજાએ તેમના અનુભવમાં કહ્યું હતું કે,આ સેવાનો લાભ મળ્યો, અને સમગ્ર પ્રવાસ દરમિયાન બાપુનું સ્વપન 'સ્વચ્છતામાં પ્રભુતા' સાર્થક થતું જોવા મળ્યું હતું.

અમદાવાદના નારણપુરાના રહેવાસી અજય કંસારાએ જણાવ્યું હતું કે, આ યાત્રા દરમિયાન ગુજરાત એસટી નિગમની કામગીરી પ્રેરણાદાયક હતી. તેમના કર્મયોગીઓની સેવા પ્રશંસનીય છે. આ યાત્રામાં ગુજરાત સરકાર સહભાગી બનીને શ્રદ્ધાળુઓને યાત્રા કરાવે છે તે કામગીરી બિરદાવા લાયક છે. ઉપરાંત ગુજરાત પેવેલિયનમાં પણ અદભુત સેવા મળી હતી.

રાજયપાલનું સદનને સંબોધન : વિકાસ રૂપરેખા રજુ કરી

# આજે ગુજરાતનું બજેટ : નાણામંત્રી રાહત વરસાવશે?

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગુજરાતની વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થયુ છે અને રાજયમંત્રી શ્રી આચાર્ય દેવવ્રતે બેઠકને સંબોધન કરતા રાજયની વિવિધ વિકાસ યોજનાઓની ઝાંખી રજુ કરી હતી. આવતીકાલે રજુ થનારા રાજયના બજેટમાં હવે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમનું બજેટ રજુ કરશે.

જેમાં કેન્દ્રના બજેટની માફક રાહતનો કોઈ વરસાદ થાય છે કે કેમ તેના પર નજર છે. આજે વિધાનસભામાં પુર્વ વડાપ્રધાન શ્રી ડો. મનમોહનસિંઘ, કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી, વિધાનસભાના પુર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર ભાજપને શોકાંજલી આપી હતી. કાશીના



બજેટમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ વધારવામાં આવેલી જંત્રીને કારણે જે રીતે રીયલ એસ્ટેટમાં મકાન સહિતના ભાવ વધી ગયા છે.

તેની સામે બેલેન્સ કરવા માટે રજીસ્ટ્રેશન કે સ્ટેમ્પડયુટીમાં કોઈ છૂટછાટ આપે છે કે કેમ તેના પર નજર છે અને આ ઉપરાંત રાજયના વિકાસ કામો માટે ફાળવણી વિ. અંગે પણ સૌનુ ધ્યાન રહેશે. ખાસ કરીને ૨૦૩૬માં ગુજરાતમાં ઓલમ્પીક યોજવા અંગે પણ સુવિધાઓ ઉભુ કરવા કાલે ફાળવણી થશે.

# તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમને વિચલિત કરતી વસ્તુઓથી દૂર રહો.



યશપાલસિંહ ટી.વાઘેલા

દરબાર ગઢ થરા

છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ ગઈકાલે ઉજવવામાં આવી આવા વીર યોદ્ધાઓને આજે પણ યાદ કરતાં ગૌરવની લાગણી અનુભવી અશ્રુ ભીની આંખે શ્રદ્ધા સુમન અર્પણ કરે છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ છ ચોરો પડેલા છેઃકામ,ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સર.આ વિકારો પાછળ આવે છે.આ વિકારોને વશ ન થઈ ઘરમાં રહે તો થર બાધક થતું નથી. આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવા નું સહેલું છે.

ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે.છ શત્રુઓ વન માં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે. સુખી થવું હોય તો તમારી ઉંમરના ચાલીસમા વર્ષે સંસાસથી વધારે સંકલવા લાગો અને એકાવન વર્ષે વનમાં જાવ. બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવાની સલાહ આપે છે.

વ્યવહાર કરો પણ એવી રીતે કરો કે,પુનર્જન્મનું બીજોરોપણ ન થાય રાગદ્વેષ વગર કરેલો વ્યવહાર મનુષ્યને બંધનરૂપ થતો નથી.એવો જીવનમુક્ત પુરુષ શરીરના અભિમાનથી રહિત થાય છે, તેથી તેને બીજો દેહ મળતો નથી.રાજા પ્રિયવ્રત લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થયો.તેના પછી આગ્નિધ્નગાદી ઉપર આવ્યો. તે વનમાં તપ કરવા ગયો, ત્યાં એના ચિત્તમાં રહેલી પૂર્વજન્મની વાસના પૂર્વચિત્તિ વિઘ્ન કરવા આવી. ભોગવેલા વિષય-સુખનું સ્મરણ, મનમાં રહેલી સૂક્ષ્મ વાસના, પૂર્વનાં સંસ્કારો એ જ પૂર્વચિત્તિ છે. પૂર્વની વાસના જલદી છૂટતી નથી. ઈન્દ્રિયોને જે સુખ એક વખત આપ્યું તે ફરીથી માગશે. વિષયોમાં જ્યાં સુધી આકર્ષણ છે ત્યાં સુધી વિષયે ચ્છાનો નાશ થતો નથી,પણ વિષયોનું આકર્ષણ ન રહે તો વિષયેચ્છાનો વિનાશ છે. સંસારના વિષયો જ્યાં સુધી ગમે છેત્યાં સુધી આ જીવ જ્ઞાનભક્તિ માં આગળ વધી શકતો નથી. નિવૃત્તિ લઈ બેઠેલાનેયે પૂર્વચિત્તિ પજવે છે.આગ્નિધ્ન રાજા પૂર્વ ચિત્તિમાં ફસાયા છે.

આગ્નિધ્નને ઘરે થયા નાભિ અને નાભિના ઘેર ઋષભદેવ પુત્રરૂપે પ્રગટ થયા. ઋષભદેવ જ્ઞાનનો અવતાર હતા. પરમહંસોનું વર્તન કેવું હોય તે બતાવવા ભગવાને ઋષભદેવજી રૂપે જન્મ લીધો, ઋષભ એટલે સર્વશ્રેષ્ઠ.તપ કરવા માટે છે.તપ ઋષભદેવજી વારંવાર ઉપદેશ કરે છે, માનવ જીવ ભોગ માટે નથી કરો અને સર્વમાં ઈશ્વર ને નિહાળો માનવશરીર વિષય સુખોમાં વેડફી નાખશો નહીં. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઈએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વ સંગનો ત્યાગ કર્યો, સર્વનો ત્યાગ કર્યો. ઋષભદેવજી પાસે અનેક સિદ્ધિ ઓ આવેલી પણ તેમાં તેઓ ફસાતાનથી.ગૃહસ્થને પૈસો છોડવો કામસુખ છોડવુંએ અઘરું છે.પણ એનાથીયે અજીબ મહાત્માઓએ આ સિદ્ધિઓમાં થી છૂટવું તે છે.જ્ઞાની મહાત્માઓ ને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે,બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે છે મા ભરીને માર પડે છે. મને શું? હું કાંઈ શરીર નથી. શરીરથી આત્મા જુદો છે.તે જાણે છે પણ અનુભવે છે કોઈક.

નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી,છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરા ને છોડતી નથી.તેમ મનુષ્યમાંજ્યાં સુધી વિષયરસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે.એમ લાગતું નથી.





નામરૂપનો મોહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે એમ દેખાતું નથી. ઊલટો દેહા ધ્યાસ વધે છે. સંસારના જડ પદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડાધ્યાસ પણ વધે છે. તપથી અંતઃકરણની જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે.

બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં. હું શરીર નથી.હું સર્વનો સાક્ષી ચેતન આત્મા આનંદરૂપ છું,એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસાર ના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્મા નંદ મળશે નહીં. બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઈ પણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં.જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુએ ગુરુ નથી સ્વજનએ સ્વજન નથી,પિતા એ પિતા નથી અને માતા એ માતા નથી. એટલે કે ગુરુ,સ્વજન,પિતા માતા થવાને લાયક નથી.

જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ શુભેચ્છા, સુવિચારણા તનુ માનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ પદાર્થ ભાવિની,તુર્યગા શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગદર્શન પ્રમાણેઆત્માની સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા સુવિચારણા વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા ? સદગુરુએ ઉપદેશ કરેલાં નિદિધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે ૨૬૫ સાક્ષાત્કાર પર્યંતની ભૂમિકાવાળો પુરૂષ બુદ્ધિની તનુતા-સૂરમતા, પાત થાય છે. સત્ત્વાપત્તિ ઉપરના ત્રણની સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ.જ્ઞાનની ચૌથી બ્રહ્મ વિતુ કહેવાય છે. અસંસક્તિ : ચિત્ત વિશે પરમા નંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્ય ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસક્તિએમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી.તેનું નામ અસંસક્તિ.પદાર્થ ભાવિની પદાર્થોની દ્દઢ અપ્રતીતિ થાય છે તે તુયંગા ત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા.

આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે. બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે. ઋષભદેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી.

જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા.

ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગિનિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો.દેહ બળે છે, આત્માને કંઈ થતું નથી. આવી આત્મનિષ્ઠાએ પરમહંસો માટે છે.ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી.

ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા.જેના નામ પરથી આ દેશનું નામ ભરત ખંડ પડ્યું છે.ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો. ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી. ભરતજી મહાવૈષ્ણવ હતા, તો પણ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્ય પરમાત્માને અર્પણ કરી શકો. પત્ની મહેનત વધુ કરે છે પણ અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી. ઈશ્વરની સાથે ખૂબ ચા કરતા હતા અગ્નિ તો ઠાકોર જીનું મુખ છે ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રી કૃષ્ણના ચરણમાં તેનું ફળ આપે છે પતિને.તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભને સમર્પે છે.સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે.સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી.ભરત નિષ્કામ ની ભાવથી કર્મ કરતાં અને તેનું પૂણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. ભરતજી હરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે,આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસા થાઓ.આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી.

એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો.જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો.ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાં શરીર માં શક્તિ ન હોય ત્યારે તમેભક્તિ કરી શકશો નહીં.તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી.શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી.રામચંદ્રજી યુવાનીમાં વનમાં ગયા છે. વનવાસ વખતે રામજીની ઉંમર ૨૭વર્ષની હતી અનેસીતાજી ૧૮ વર્ષનાં હતાં. રામજીએ યુવાનીમાં રાવણને માર્યો તમે પણ યુવાનીમાં રાવણને કામને મારો.

વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થ નથી. જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય. વૈષ્ણવ,સુખસંપત્તિ, સ્ત્રી પુત્રાદિક આ બધું છે. પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી.જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી. પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી.આ વચ્ચે માયા ભરમાવે છે.

એકવાર સ્વામીજી તેમના આશ્રમ માં એક નાના પાળેલા કૂતરા સાથે ફરતા હતા. ત્યારે અચાનક એક યુવક તેમના આશ્રમમાં આવ્યો અને તેમના ચરણોમાં માથું નમાવી ને બોલ્યો- ×સ્વામીજી,હું મારા જીવનથી ખૂબ જ પરેશાન છું. હું દરરોજ પ્રયત્નો કરું છું પણ આજ સુધી મને સફળતા મળી નથી. મને ખબર નથી કે ભગવાને મારા નસીબમાં શું લખ્યું છે કે આટલું ભણેલ હોવા છતાં હું અસફળ છું.×

સ્વામીજી તરત જ યુવાનની સમસ્યા સમજી ગયા. તેણે યુવકને કહ્યું -×ભાઈ! મારા કૂતરાને ક્યાંક દૂર ફરવા લઈ જાઓ. ત્યાર બાદ હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.×

તેની વાત સાંભળીને યુવકને થોડું અજુગતું લાગ્યું, પણ તેણે ફરીથી કોઈ પ્રશ્ન ન પૂછ્યો અને કૂતરાનો પીછો કરતાં આગળ વધ્યો. કૂતરાને ફરવા લઈ ગયા પછી જ્યારે એક યુવક આશ્રમ પહોંચ્યો ત્યારે તેણે જોયું કે યુવકનો ચહેરો ચમકીલો હતો પણ તેનો નાનો કૂતરો થાકને કારણે જોર જોરથી હાંફતો હતો.

સ્વામીજીએ પૂછ્યું, ×ભાઈ, મારો કૂતરો આટલો થાકી ગયો કેવી રીતે? તમે ખૂબ જ શાંત દેખાઈ રહ્યા છો.તમે થાકેલા નથી?× યુવકે કહ્યું,×સ્વામીજી,હું ધીરે ધીરે અને આરામથી ચાલી રહ્યો હતો, પરંતુ મારો કૂતરો બેચેન હતો. તે બધા પ્રાણીઓની પાછળ દોડતો હતો, તેથી જ તે ખૂબ થાકી ગયો હતો.×

ત્યારે વિવેકાનંદે કહ્યું, ×ભાઈ, આ તમારા પ્રશ્નોનો જવાબ છે! તમારું ધ્યેય તમારી આસપાસ છે, પણ તમે તેનાથી દૂર ભાગો છો. તમે બીજા લોકોની પાછળ દોડતા રહો છો અને તમે જે ઈચ્છો છો તે જતું રહે છે.×

વિવેકાનંદના જવાબથી સંતુષ્ટ થઈને યુવકે પોતાની ભૂલ સુધારવાનું નક્કી કર્યું.

બોધપાઠઃ- તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમને વિચલિત કરતી વસ્તુઓથી દૂર રહો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે વિદ્યાર્થી ભાઈ બહેનોને કહેવાનું કે આવા વિચારો થકી એકાગ્રતા વધે તેવા પ્રયત્નો કરી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ સાથે અસ્તુ.

## ઈડર ની લક્ષ્મી વુમન્સ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગે રેડ દરમિયાન ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કર્યા

# સાબરકાંઠા આરોગ્ય વિભાગે ગર્ભ પરીક્ષણ કરતા હોસ્પિટલના તબીબ સામે ફરિયાદ નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૯

એક તરફ રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર બેટી બચાવો બેટી પઢાવો ના નારા સાથે દેશમાં લોકોની જાગૃતિ માટેના અર્થાગ પ્રયાસ કરી રહ્યું છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં સોનોગ્રાફી મશીન થકી ગાયનેક તબીબ ગર્ભવતી મહિલાઓનું ગર્ભપરીક્ષણ કરતો હોવાનું ધ્યાને આવ્યું હતું. જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખી હોસ્પિટલમાં ચાર કલાક કરતાં વધૂ સમય સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતુ તેમજ હોસ્પિટલમાં રહેલી ત્રણ સોનોગ્રાફી મશીન આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સીલ કરવાની કામગીરી કરવામાં આવી છે મહત્વની બાબતે છે કે એક તરફ બેટી પઢાવો બેટી બચાવો ના સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે તેની વરચે સ્થાનિક કક્ષાએ ગાયનેક તબીબો દ્વારા ગર્ભવતી મહિલાઓનું ગર્ભપરીક્ષણ કરાતું હોવાના કિસ્સાઓ પણ સામે આવતા હોય છે ઈડરની લક્ષ્મી વુમન્સ હોસ્પિટલ માં જિલ્લા આરોગ્ય વિભાગે સ્થાનિક પોલીસને સાથે રાખી ચાર કલાક કરતાં પણ વધુ સમય સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં તબિયત સોનોગ્રાફી મશીનનો દૂર ઉપયોગ કરીને ગર્ભવતી મહિલાઓનું ગર્ભપરીક્ષણ કરતો હોવાનો ઘટસ્પોટ થયો છે. મહત્વની બાબત એ છે કે ચાર કલાક સુધી સ્થાનીય પોલીસને સાથે રાખી આરોગ્ય વિભાગ દ્વારા સર્ચ બાદ તબીબ સામે કાર્યવાહી કરવામાં આવી છે જોકે સ્થાનીય કક્ષાએ રાજકીય ઓળખાણ સહિત તબીબી ઓળખ લક્ષમી વુમન્સ હૉસ્પિટલના તબીબ ના બચાવમાં ધમપછાડા કરતા હોવાની સૂત્રો પાસેથી માહિતિ મળી રહી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર હોસ્પિટલમાં ચાર કલાક કરતા પણ વધુ સમય સુધી સર્ચ ઓપરેશન બાદ તબિબ સામે કરવાની થતી કામગીરીમાં જિલ્લા આરોગ્ય વિભાગ નબળી કામગીરી કરતું હોય તે પ્રમાણેના દ્રશ્યો સ્પષ્ટ થયા છે ઈડરની લક્ષ્મી વુમન્સ હોસ્પિટલમાં ચાર કલાક કરતાં પણ વધુ સમય સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ કાર્યવાહીના નામે આરોગ્ય વિભાગ સામે પણ અનેક સવાલો ઉદભવી રહ્યા છે એક તરફ જિલ્લા વિભાગની ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખી બંદોબસ્ત સાથે હોસ્પિટલમાં પુરાવાઓ એકત્રિત કરવામાં આવ્યા તેમજ સોનોગ્રાફી મશીન નો દુરુપયોગ થતો હોવાનું પણ સામે આવ્યું તે બાદ લક્ષ્મી વુમન્સ હોસ્પિટલના તબિબ સામે કાર્યવાહી કરતાં ની સાથે તબીબના આકાઓ તબિબના બચાવમાં આવી આરોગ્ય વિભાગની કામગીરીમાં વિલંબ થાય તેવા પ્રયત્નો હાથ ધર્યા હોવાની સૂત્રો માહિતિ પ્રાપ્ત થઈ છે જોકે આ તમામની વરચે ઈડરની ખાનગી હોસ્પિટલમાં સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી સહિતનાં ગર્ભવતી દર્દીઓ ગર્ભપરીક્ષણ માટે આવતાં હોવાની રાવ સાથે સોનોગ્રાફી મશીનો નો દુરુપયોગ થતો હોવાની તેમજ સરકારના નિયમોનો ભંગ કરતો હોવાની ફરિયાદ નોંધવાની તજવીજ હાથધરાઈ છે. લક્ષ્મી વુમન્સ હોસ્પિટલમાં ચાર કલાક કરતા વધુ સમય ગાળા દરમિયાન ચાલેલા સર્ચ ઓપરેશન બાદ સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓના મોબાઈલ ફોન બંધ થયા હતા તેમજ અધિકારીઓ પોતાના કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાની વાત કહી ઓફિસમાં ખુરશીઓ ખાલીખમ જોવા મળી હતી ત્યારે આ તમામની વરચે ઈડરની લક્ષ્મી વુમન્સ હોસ્પિટલના તબિબ સામે ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ બાબતે આરોગ્ય વિભાગ દ્વારા કેવા અને કયા પગલા ભરવામાં આવે છે તે મહત્વનું બની રહે છે સાથેસાથે આગામી સમયમાં હોસ્પિટલ સામે કેવી અને ક્યાં પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે તેવા અનેક સવાલો જિલ્લા આરોગ્ય વિભાગ સહિત વિભાગના અધિકારીઓ સામે ઉદભવી રહ્યા છે....

## યાત્રાધામ અંબાજી મંદિર ટ્રસ્ટની મહત્વપૂર્ણ જાહેરાત

# કોર્ટ કેસોના ઝડપી નિકાલ માટે ૬૦ વર્ષથી નીચેના અનુભવી વકીલોની પેનલ બનાવાશે

(ગરવી તાકાત) અંબાજી તા.૧૯

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. ટ્રસ્ટ હવે ડિસ્ટ્રિક્ટ અને તાલુકા કોર્ટમાં પડતર કેસોના ઝડપી નિકાલ માટે વકીલોની વિશેષ પેનલ બનાવશે.

આ પેનલ માટે વકીલોની પસંદગીમાં ચોક્કસ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. ઉમેદવાર વકીલની ઉંમર ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. તેમની પાસે જિલ્લા કક્ષાએ અથવા હાઈકોર્ટમાં ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.



ઈચ્છુક વકીલોએ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ અંબાજી મંદિરની વેબસાઈટ www.ambajitemple.in પરથી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ડાઉનલોડ કરી શકાશે. અરજી સાથે તમામ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો જોડવી આવશ્યક છે.વહીવટદાર અને નાયબ કલેક્ટરે સ્પષ્ટતા કરી છે કે, સમયમર્યાદા બાદ મળેલી કે અધૂરી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. પસંદગી પામેલા ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. ઈન્ટરવ્યૂ સમયે તેમણે સ્વખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

## રમત ગમત કચેરી અને ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ આયોજિત

# પાલાવાસણાના ડૉ. બી. આર.આંબેડકર ખાતે માનસિક દિવ્યાંગ બાળકો માટે નો સ્પેશિયલ ખેલ મહાકુંભ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા ખાતે ડો. બી.આર. આંબેડકર સ્ટેડિયમ,ઓએનજીસી પાલાવાસણા ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમતગમત કચેરી મહેસાણા દ્વારા ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણા આયોજિત મહેસાણા જિલ્લાના માનસિક દિવ્યાગજનો માટે વિવિધ રમતો જેવીકે એથ્લેટિક્સ, ગોળા ફેંક બોચ, વોલીબોલ, બાસ્કેટબોલ, સાયકલિંગ, બેડમિન્ટન ૨૫ મીટર ૫૦ મીટર ૧૦૦ મીટર ૨૦૦ મીટર ૪૦૦ મીટર ૮૦૦ મીટર દોડ વગેરે ની રમતોમાં મહેસાણા જિલ્લામાંથી અને વિવિધ સંસ્થાઓના કુલ ૮૮૨ બાળકોએ નોંધણી કરાવી હતી આ દિવ્યાંગ બાળકોએ પોતાની ક્ષમતા અનુસાર વિવિધ રમતોમાં ભાગ લીધો હતો આ રમતોત્સવમાં મહેસાણાના સાંસદ માન. હરિભાઈ પટેલ ઉપસ્થિત રહી



દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા, ઠાકોર આશા અને વાઘેલા પ્રકાશ ઈન્ટરનેશનલ ખેલાડીઓને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. ઓએનજીસી ઈડી શ્રી સુનિલ કુમારે દિવ્યાંગ બાળકોને શુભેચ્છા પાઠવી હતી અને આ બાળકો માટે નું કાર્ય સંસ્થા દ્વારા થઈ રહ્યું છે જે ખૂબ જ સહાનીએ છે, અને ઓએનસી દ્વારા મદદ કરવા માટે તૈયારી બતાવી હતી. આ સાથે ઉપસ્થિત બીએપીએસ મંદિર ના સંત શ્રી વિદ્યારત્ન સ્વામી એ બાળકોને આશીર્વચન પાઠવી તેઓ રમતગમત ક્ષેત્રે ઉમદુ પ્રદાન કરે અને પોતાનું જીવન તંદુરસ્ત સારું જીવન માટે પરિવાર કુટુંબ ને આશીર્વાદ પાઠવ્યા હતા . સમગ્ર કાર્યક્રમ માં બાળકોએ ખૂબ જ આનંદમય થયા હતા, સંસ્થાના શ્રી વિષ્ણુભાઈ ચૌધરીએ મહેમાનોને આવકારી રમતગમતની શરૂઆતથી લઈને આજ દિન સુધીમાં કરેલ કામગીરી મહેમાનો સમક્ષ મૂકી હતી. રમત ગમત અધિકારી શ્રી વિરલભાઈ લાયન્સ ક્લબના થ્રી સુરેશભાઈ પટેલ સ્પેશિયલ ઓલમ્પિક ગુજરાત મહેસાણા જિલ્લાના ચેરમેન શ્રી રાકેશભાઈ દોશી, વા.ચેરમેન શ્રી દિનેશભાઈ પટેલ અને સાર્વજનિક કોલેજના પ્રિન્સિપલ શ્રી ક્રાંતિબેન ત્રિવેદી અને તેમના ટીમ,એનસીસી ૭, બટાલિયનના સુબેદારજી ઉપસ્થિત રહ્યા હતા.

## વિસનગર પરીખ ડીડી કન્યા વિદ્યાલય ખાતે વૈવિધ્ય સભર ત્રિવેણી શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો

# ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભની સાથે શિક્ષિકાનો વયનિવૃત સન્માન સમારોહ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિસનગર શહેર ની મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત પરીખ ડી ડી કન્યા વિદ્યાલય ખાતે વૈવિધ્ય સભર ત્રિવેણી શૈક્ષણિક કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ દશ ની વિધાર્થીની ઓ ને શુભેચ્છાઓ અને ધોરણ બાર ની વિધાર્થીની ઓ ના વિદાય સમારંભ ની સાથે સાથે વય મર્યાદા ના કારણે નિવૃત્ત થઈ રહેલા શાળા ના શિક્ષિકા શ્રીમતી વીણા બેન ઠાકોર નો સન્માન તથા શુભેચ્છા સમારંભ યોજાયો હતો આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાતાશ્રી વિનોદ ચંદ્ર દશરથભાઈ પરીખ અને શ્રી ઈશ્વરભાઈ ઓઝા નિવૃત્ત પ્રોફેસર અને જાણીતા ઈતિહાસકાર.. સમારંભ ના અધ્યક્ષ તરીકે ઉપ પ્રમુખ શ્રી યોગેશભાઈ મણીઆર.. અતિથી વિશેષ તરીકે મંત્રી શ્રી નિકેતુ ભાઈ.આર. મણીઆર. સંસ્થા ના ટ્રસ્ટી શ્રી ઓ માં શ્રી રાકેશ ભાઈ મણીઆર.. શ્રી પ્રતિક ભાઈ મણીઆર અને ભદ્રેશ ભાઈ શાહ.. શાળા ના આચાર્ય શ્રી મતી



જીગીશાબેન પટેલ અને પ્રાથમિક વિભાગ ના આચાર્ય શ્રી રજનીભાઈ પટેલ હાજર રહ્યા હતા આજ ના કાર્યક્રમ ની શરૂઆત શાળા ની વિધાર્થીની ઓ એ પ્રાર્થના થી કરી હતી. જયારે બાલિકાઓ એ સ્વાગત ગીત રજૂ કરી ને ઉપસ્થિત મહેમાનો નુ સ્વાગત કરવામાં આવ્યું હતું આજના કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનો ના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.શાળા ના આચાર્ય જીગીશા બેન પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરી મહેમાનો નો પરિચય આપવા માં આવ્યો હતો. આજ ના મુખ્ય મહેમાન અને એક લાખ રૂપિયા ના દાતાશ્રી વિનોદ ચંદ્ર નુ સન્માન કરવામાં આવ્યું હતું. જયારે બીજા મુખ્ય મહેમાન શ્રી ઈશ્વરભાઈ ઓઝા નુ પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આજના વિદાય પ્રસંગે શાળા ની વિધાર્થીનીઓ એ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. જયારે ધોરણ દશ અને બાર માં જે વિધાર્થીનીઓ એ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યા હતા તેમને રોકડ પુરસ્કાર વિતરણ સમારોહ ના મુખ્ય મહેમાન શ્રી ઓ ના હસ્તે કરવામાં આવ્યા હતા.

## હાથમતી નદીની સફાઈનું અભિયાન શરૂ કરવામાં આવ્યું

# હિંમતનગર નગર પાલિકાએ ત્રણ ટ્રેક્ટર ભરીને કચરો કાઢ્યો, ડ્રેનેજ કનેક્શન કપાશે : ગંદકી ફેલાવનારને દંડ ફટકારાયો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

હિંમતનગરની હાથમતી નદીમાં સફાઈ અભિયાનની શરૂઆત થઈ છે. નગરપાલિકાના આરોગ્ય વિભાગે મહેતાપુરા વિસ્તારમાં નદીના બેઠા પુલ પાસેથી ત્રણ ટ્રેક્ટર જેટલો કચરો બહાર કાઢ્યો છે. નદીમાં ગંદકી ફેલાવનાર ત્રણ વ્યક્તિઓને રૂ. ૩૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. હાલમાં નદીમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી ડ્રેનેજનું પાણી ઠલવાય છે. સાથે જ નાગરિકો પણ કચરો ફેંકે છે. આ સમસ્યાના નિવારણ માટે જાગૃત નાગરિકોએ તંત્રને અરજીઓ કરી હતી.

નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીએ જણાવ્યું કે, મહેતાપુરા ઢાળ પાસે બંને તરફ કચરાપેટીઓ મૂકવામાં આવશે. આગામી સમયમાં નદીમાં જોડાયેલા તમામ ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવશે અને ગંદા પાણીનો પ્રવાહ બંધ કરાશે. નદી કિનારે ઉગેલી ઝાડી-ઝાંખરા દૂર કરવાની કામગીરી પણ હાથ ધરાશે. તબક્કાવાર સફાઈ અભિયાન ચલાવી નદીને સંપૂર્ણ સ્વચ્છ બનાવવામાં આવશે.

# સંક્ષિપ્ત સમાચાર

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હિંમતનગર ખાતે "ટોબેકો મુક્ત" અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત હેલ્થ ડિપાર્ટમેન્ટ તેમજ એન.એસ.એસ. વિભાગ દ્વારા ×ટોબેકો મુક્ત× કાર્યક્રમ વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ડિસ્ટ્રિક્ટ સાયકોલોજીસ્ટ સિસોદિયા નેહા કુમારીએ ×ટોબેકો મુક્ત× વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ જિલ્લા સામાજિક કાર્યકર અરવિંદસિંહ ચંપાવત દ્વારા ટોબેકો મુક્ત વિશે ઉપસ્થિતોને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. રાકેશ એન. જોષી, પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભરત પટેલ,કૉલેજનો સ્ટાફ, તેમજ કૉલેજના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

## વિજયનગર તા. પં. ની પેટા ચૂંટણીમાં ચિઠોડામાં ભાજપ અને બાલેટાસીટ પર કોંગ્રેસનો વિજય

(ગરવી તાકાત) વિજયનગર તા.૧૯

વિજયનગર તાલુકાની ૧૬ મીએ યોજાયેલ પેટા ચૂંટણીમાં કોંગ્રેસી ગઢના બાલેટા સીટના પરિણામની સૌ મતદારોમાં રાહ જોવાઈ રહી હતી ત્યારે ચિઠોડા અને બાલેટા બંન્ને સીટો પર ભાજપનું કમળ ખીલવાનો દાવો કરીરહેલા ભાજપના નેતાઓ ભૂલા પડ્યા હતા ચિઠોડાનીસીટના ભાજપના ઉમેદવાર બીજલબેન શૈલેષભાઈ બોડાત -૪૫૨મતની લીડમાં વિજય થયા હતા જયારે બાલેટા સીટ પર કોંગ્રેસના ઉમેદવાર મણિલાલ ગામેતી- ૨૮૦ મતે વિજય થયાહતા. ભાજપ ઉમેદવારના ટેકેદાર આદિ જાતિ મોરચાના પ્રમુખ આર. જે. પાંડોર. મહામંત્રીકિરીટભાઈ સડાત, તા.પ્રમુખ પરેશ પટેલ, પૂર્વ.પ્રમુખ મયુર શાહ, પંકજ બોડાત નાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી જ્યારે કોંગ્રેસ ઉમેદવારને ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરી, તા. પ્રમુખ રાજેન્દ્ર ડોન, સહિત કાર્યકર્તાએ અભિનંદન પાઠવ્યા હતા બંને વિજયી ઉમેદવારોનો વિજયોત્સવ મનાવ્યો હતો અને ભાજપ ઉમેદવારોના વિજય સરઘસ સામૈયા ગામ થી ચિઠોડા, દંતોડ સુધી કાઢવામાં આવ્યા હતો . કોંગ્રેસનો બાલેટા, ગાડી, વાંકડામાં વિજય સરઘસ નીકળ્યો જતો જોકે બંને પક્ષે કાંઈ ગુમાવ્યું નથી ભાજપે અને કોંગ્રેસે પોતાની પાસે અકબંધ જાળવી રાખી છે

## પઠામડા ગામમાં સિકોતર માતાજીની પ્રાણપ્રતિષ્ઠા

## થરાદરા પરિવારના કુળદેવીની વિધિ સંપન્ન, બે દિવસીય મહોત્સવમાં ભક્તોની મોટી ઉપસ્થિતિ



(ગરવી તાકાત) થરાદ તા.૧૯

થરાદ તાલુકાના પઠામડા ગામમાં થરાદરા પરિવારના કુળદેવી સિકોતર માતાજીની પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ છે. આ પવિત્ર વિધિમાં ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર કર્યા હતા.બે દિવસ સુધી ચાલેલા આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઠાકોર સમાજના આગેવાનોએ હાજરી આપી હતી.

મોટી સંખ્યામાં યુવાનો અને માતાઓ-બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વિસ્તારના શ્રદ્ધાળુઓએ ભક્તિભાવપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિધિવિધાન પૂર્ણ થયા બાદ સૌ ભક્તોએ માતાજીનો ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ રીતે સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા અને ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## ભોલેશ્વર બ્રિજ નીચે નદીમાં મળ્યા આખલાના ત્રણ મૃત બચ્ચા, વિડીયો વાયરલ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

હિંમતનગર શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભોલેશ્વર ઓવરબ્રિજ નીચે હાથમતી નદીમાં આખલાના ત્રણ મૃત બચ્ચાઓ પ્લાસ્ટિકની



કોથળીમાં મળી આવ્યા છે.આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં દેખાય છે કે હિંમતનગરથી ભોલેશ્વર તરફ જતા નવા ઓવરબ્રિજ નીચે હાથમતી નદીના ત્રણ અલગ-અલગ સ્થળે આ મૃતદેહો મળ્યા છે.

આ ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી છે. જીવદયા પ્રેમીઓ અને હિંદુ સંગઠનોએ આ કૃત્ય સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. હજુ સુધી આ ઘટના પાછળના કારણો અને જવાબદાર વ્યક્તિઓની ઓળખ થઈ શકી નથી. પોલીસ તપાસ હેઠળ આ મામલો છે.

Volume : 10 Issue : 319 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002